ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૧૫ નવેમ્બર, ૨૦૨૬

પ્રજાના ટેક્સના લાખો રૂપિયા પાણીમાં ગયાં | અવારનવારની રજૂઆતો છતાં પાલિકા સત્તાધીશોના પેટનું પાણી પણ હલતું નથી

નડિયાદના 'ભગત બાગ'ને તંત્રની બેદરકારીના તાળા!

મહિનાઓથી બાગ બંધ રહેતા વડીલો અને બાળકો માટે હરવા-ફરવાનું એકમાત્ર સ્થળ છીનવાયું





(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ શહેરના ગીચ વસવાટ ધરાવતા ચકલાસી ભાગોળ વિસ્તારમાં સ્થાનિક નાગરિકોની સુવિધા માટે પ્રજાના ટેક્સના લાખો રૂપિયાના માતબર ખર્ચે તૈયાર કરવામાં આવેલો ભગત બાગ છેલ્લા કેટલાક મહિનાઓથી વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે સંપૂર્ણપણે તાળાબંધી હાલતમાં ધૂળ ખાઈ રહ્યો છે. બાગના દરવાજે મોટાં તાળાં લટકતાં જોઈને તંત્રની નીતિ-રીતિ સામે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

નડિયાદ નગરપાલિકા હસ્તકના ચકલાસી ભાગોળ વિસ્તારના રહીશોને શુદ્ધ હવા અને મનોરંજન મળી રહે તે હેતુથી લાખો રૂપિયા ખર્ચીને ભગત બાગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. શરૂઆતના સમયમાં આ બાગ આસપાસના રહીશો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો સવાર-સાંજ અહીં સમય પસાર કરવા આવતા હતા. પરંતુ સમય જતાં પાલિકા તંત્ર દ્વારા બાગની જાળવણી પ્રત્યે ભારે ઉદાસીનતા દાખવવામાં આવી. પરિણામે આજે આ બાગ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે અને તેના મુખ્ય દરવાજે મોટું તાળું મારી દેવાયું છે.

પ્રજાના ટેક્સના નાણાં ખર્ચીને ઊભી કરાયેલી આ સુવિધાનો કોઈ જ ઉપયોગ ન થતાં તે માત્ર શોભાના ગાંઠિયા સમાન બની રહી છે. સ્થાનિક નાગરિકો દ્વારા બાગને સત્વરે ખુલ્લો મૂકવા માટે પાલિકાના સત્તાધીશોને અવારનવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, સત્તાધીશો દ્વારા કોઈ જ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. જાળવણીના અભાવે બાગની આંતરિક હાલત પણ દિન-પ્રતિદિન બગડી રહી હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

બાળકો શેરીઓમાં રમવા મજબૂર, વડીલો શુદ્ધ હવાથી વંચિત

ચકલાસી ભાગોળ જેવા ગીચ વાતાવરણ ધરાવતા વિસ્તારમાં આ બાગ વડીલો માટે શુદ્ધ હવા ખાવાનું અને બાળકો માટે રમવાનું એકમાત્ર મહત્વપૂર્ણ કેન્દ્ર હતો. પરંતુ તાળાબંધીના કારણે બાળકોને શેરીઓમાં રમવા મજબૂર થવું પડે છે અને વડીલોને બેસવા માટે કોઈ યોગ્ય સ્થળ મળતું નથી.

વહીવટી તંત્રની કાર્યપ્રણાલી પર પ્રશ્નાર્થ - ત્વરિત તાળાં ખોલવા માંગ

લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી પ્રજાલક્ષી સુવિધાને મહિનાઓ સુધી તાળાં મારી રાખતાં વહીવટી તંત્રની કાર્યપ્રણાલી પર અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્ર વહેલી તકે આ બાગને નાગરિકો માટે ખુલ્લો મૂકે તેવી વિસ્તારના લોકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

આણંદ : આજે 'જનજાતીય ગૌરવ દિવસ' ઉજવાશે

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે સાંસદની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ જિલ્લામાં આદિવાસી સમાજના ગૌરવપૂર્ણ યોગદાન, સમૃદ્ધ સંસ્કૃતિ અને ભવ્ય ઈતિહાસને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું છે. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ પ્રસંગે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ૧૧થી ૧૮મી નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

કરમસદ-આણંદ મનપા દ્વારા ૧૫મીને રવિવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આણંદ ટાઉન હોલ ખાતે મહાનગરપાલિકા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગૌરવપૂર્ણ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ, કરમસદ-આણંદ મહાનગરપાલિકાના મેયર દીપિકાબેન પટેલ અને કમિશનર આર. એન. ડોડીયા વિશેષ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં આદિજાતિ સમાજના શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષ માટે હાથ ધરાયેલી કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત જિલ્લાની સરકારી કુમાર અને કન્યા છાત્રાલયોમાં ૫૨૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રહેઠાણ અને ભોજન સહિતની ઉત્તમ સુવિધાઓ આપવામાં આવે છે. ૪,૦૧૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય પૂરી પાડવામાં આવી છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રજાજનોને હાજર રહેવા આમંત્રણ પાઠવાયુ છે.

બંધ મકાનમાંથી ડાયમંડના દાગીના, ડોલર-પાઉન્ડ અને પિત્તળની સાંકળો તસ્કરો ઉઠાવી ગયા

નડિયાદ શહેરના પોશ વિસ્તારમાં તસ્કરોએ ૬.૬૩ લાખની ચોરી કરી

પડોશીના ફોને વૃદ્ધ દંપતિનો પ્રવાસ અધવચ્ચે અટકાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદ શહેરના અતિપોશ ગણાતા કોલેજ રોડ વિસ્તારમાં તસ્કરોએ ખાખી પોલીસનો ડર ભૂલી ખુલ્લેઆમ પડકાર ફેંક્યો છે. એલ બી એવન્યુમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી ખાતરપાડુઓએ સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, વિદેશી ચલણ અને મોંઘા ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ મળી કુલ ૬,૬૩,૯૦૦ ની મતાની સફાચટ ચોરી કરી સનસનાટી મચાવી દીધી છે. વૃદ્ધ દંપતિ પરિવાર સાથે સાળંગપુર દર્શન કરવા જઈ રહ્યું હતું તે દરમિયાન જ પડોશીના ફોને ચોરીનો પર્દાફાશ કરતા અરેરાટી વ્યાપી ગઈ છે.

નડિયાદ શહેરના કોલેજ રોડ પર આવેલા કિશન સમોસાના ખાંચામાં એલ બી એવન્યુમાં રહેતા બિપીનચંદ્ર અંબાલાલ પટેલ ગત ૧૨મી નવેમ્બર ૨૦૨૬ના રોજ પોતાના પત્ની સાથે ઘર બંધ કરીને કરમસદ ખાતેના સાળાના ઘરે ગયા હતા. ત્યાં રાત્રિ રોકાણ કર્યા બાદ બીજે દિવસે સવારે પરિવાર સાથે સાળંગપુર હનુમાનજીના દર્શન કરવા નીકળ્યા હતા. તેઓ સાળંગપુર પહોંચવાની તૈયારીમાં જ હતા ત્યારે જ તેમના પડોશી ગંગેય પટેલે ફોન કરીને મકાનના તાળા તૂટ્યા હોવાની જાણ કરી હતી, જેથી દંપતિએ દર્શનનો પ્રવાસ અધવચ્ચે અટકાવી તાબડતોબ નડિયાદ પરત ફરવું પડ્યું હતું.

તેઓએ ઘરે આવીને તપાસ કરતા મકાનના મુખ્ય દરવાજાના તાળા તેમજ અંદરના રૂમના ઈન્ટરલોક અને નકુચા તૂટેલી હાલતમાં મળ્યા હતા. તસ્કરોએ ઘરમાં ઘૂસીને આખો સામાન વેરવિખેર કરી તિજોરીઓ અને કબાટો રોળી નાખ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે બિપીનચંદ્ર અંબાલાલ પટેલે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો દાખલ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને તસ્કરોને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

તસ્કરો શું શું લઈ ગયા ?

- **સોના-હીરાના દાગીના :** ડાયમંડ જડેલું મંગળસૂત્ર, કાનની કડીઓ, સોનાની ૨ બંગડી, ૪ વીંટી, પેન્ડલવાળો સોનાનો દોરો.
- **રોકડ રકમ :** ૨,૧૦,૦૦૦ ની બચત.
- **વિદેશી ચલણ :** ૧૨૦ બ્રિટિશ પાઉન્ડ તથા ૧૫૦૦ અમેરિકન ડોલર.
- **એપલ ગેજેટ્સ :** ૧ એપલ આઇફોન અને ૨ એપલ આઇપેડ.
- **અન્ય સામાન :** ૧૫ કિલો વજન ધરાવતી ભગવાનની મૂર્તિઓવાળી પિત્તળની હિંચકાની સાંકળો.

આણંદમાં બંધ મકાનમાંથી ૧.૮૬ લાખની મતા ચોરાઈ

પરિવાર સાસણ-ગીર અને દીવ પ્રવાસે ગયો હતો તે દરમિયાન તિજોરી તુટી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

આણંદ શહેરની પટેલ સોસાયટીમાં રહેતા અને નડિયાદ પોસ્ટ વિભાગમાં આસિસ્ટન્ટ પોસ્ટમાસ્ટર તરીકે ફરજ બજાવતા દર્પણ મહેશભાઈ મહેતાના બંધ મકાનના તાળાં તોડી અજાણ્યા તસ્કરો કુલ રૂ. ૧,૮૬,૭૫૦ ની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયા છે. પરિવાર પ્રવાસમાંથી પરત ફર્યા બાદ આ ઘરફોડ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.

આણંદમાં રહેતા દર્પણભાઈ મહેતા પોતાના પરિવાર સાથે ગત ૧૦મી નવેમ્બર ૨૦૨૬ના રોજ સાસણ-ગીર તથા દીવ પ્રવાસે ગયા હતા. તેઓ પ્રવાસ પૂર્ણ કરી ૧૨મી નવેમ્બરના રોજ સવારે આશરે સાડા પાંચ વાગ્યે ઘરે પરત ફરતા ઘરના મુખ્ય દરવાજા અને લોખંડની જાળીના નકુચા તૂટેલા જોવા મળ્યા હતાં. આથી, ચોંકી ગયાં હતાં અને ઘરમાં અંદર તપાસ કરતા તિજોરીના લોકર તોડી રૂ. ૧,૩૬,૭૫૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના (જેમાં સોનાની ચેઈન, બુટ્ટી, લક્કી, અંગૂઠી) તથા રૂ. ૫૦,૦૦૦ની રોકડ રકમની ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

આ અંગે આણંદ શહેર પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે આગળની તપાસ તેજ કરી છે. આણંદ શહેરમાં તહેવારો દરમિયાન સઘન પેટ્રોલીંગના દાવા પોકળ સાબિત થયાં છે. પોસ્ટ માસ્તરના ઘરમાં ચોરી બાદ આસપાસની સોસાયટીના રહિશોમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ છે.

કપડવંજના ઐતિહાસિક મંદિરોમાં દીપાવલી પર્વે ભવ્ય અન્નકૂટ



કપડવંજના નગરદેવ ઐતિહાસિક શ્રીનારાયણદેવ મંદિરમાં નૂતન વર્ષના આરંભ પૂર્વે પડતર દિવસે ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરના શ્રીમોઢેશ્વરી માતાજી તથા શ્રીરઘુનાથજી મંદિરમાં શ્રીમોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પંચના સહયોગથી પરંપરાગત રીતે અન્નકૂટ દર્શન યોજાયા હતા. આ ઉપરાંત નગરના સુપ્રસિદ્ધ ગોકુલનાથજી મંદિર, રાધે-કૃષ્ણ મંદિર તથા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર ખાતે પણ અન્નકૂટ દર્શનનું વિશેષ આયોજન કરાયું હતું. દીપાવલી પર્વ નિમિત્તે યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં નગરની ધર્મપ્રેમી જનતાએ બહોળી સંખ્યામાં દર્શનનો ભાવપૂર્વક લાભ લીધો હતો. - **હરિશ જોષી**

લુણાવાડાના હાઈવે પર ટ્રકની અડફેટે યુવકનું મોત

(પ્રતિનિધિ) વીરપુર તા.૧૪

લુણાવાડાના ગોધરા હાઈવે રોડ પર ઈન્ડિયન પેટ્રોલ પંપ સામે પૂરઝડપે આવતી ટ્રકે આગળ જઈ રહેલા એક્ટિવાને પાછળથી જોરદાર ટક્કર મારતાં ૨૮ વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું છે. આ બનાવ અંગે લુણાવાડા પોલીસે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લુણાવાડા તાલુકાના સરગવા મહુડી ગામે રહેતા ૪૮ વર્ષીય રાયજીભાઈ ખાંટ અને તેમનો ૨૮ વર્ષીય પુત્ર સુરેન્દ્રકુમાર કંકા તળાવ ખાતે આવેલા નાયરા પેટ્રોલ પંપ પર મજૂરી કામ કરતા હતા. ગત ૦૯મી નવેમ્બર, ૨૦૨૬ ના રોજ રાત્રે સવા નવ વાગ્યાના સુમારે પેટ્રોલ પંપના શેઠ મહર્ષિભાઈ પટેલે સુરેન્દ્રકુમારને જમવાનું લેવા માટે પોતાનું એક્ટિવા (નં. GJ-35-K-2636) આપીને લુણાવાડા ખાતે મોકલ્યો હતો. સુરેન્દ્રકુમાર એક્ટિવા લઈને કોટેજ ચોકડીથી ગોધરા તરફ જતા હાઈવે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે રાજસ્થાન દાલબાટી સામે પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી ટ્રક (નં. RJ-14-GU-6401) ના ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રોડ પર પટકાતાં સુરેન્દ્રકુમારને માથા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આથી, ગંભીર હાલતમાં તેને તાત્કાલિક લુણાવાડા જનરલ હોસ્પિટલ ખસેડાયા બાદ વધુ સારવાર અર્થે મોડાસા રિફર કરાયો હતો, પરંતુ મોડાસા લઈ જતી વખતે રસ્તામાં જ તેણે દમ તોડી દીધો હતો. મૃતકની પિતાની ફરિયાદના આધારે લુણાવાડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્રના ધાર્મિક પ્રવાસેથી દાહોદ પરત ફરતી વખતે કરૂણાંતિકા સર્જાઇ

તારાપુરમાં રોડ ક્રોસ કરતાં મહિલાનું કારની ટક્કરે મોત

હોટલ સામે રોડ ક્રોસ કરતી વેળાએ બેફામ કારે અકસ્માત સર્જ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

તારાપુર હાઈવે પર ગોપાલ હોટલ સામે રોડ ક્રોસ કરી રહેલા દાહોદના ૫૦ વર્ષીય રામલીબેન બિલવાળને પૂરઝડપે આવી રહેલી સ્વીફ્ટ કારે જોરદાર ટક્કર મારતા તેમનું કરુણ મોત નીપજ્યું છે. સૌરાષ્ટ્રના ધાર્મિક પ્રવાસેથી પરિવાર સાથે વતન પરત ફરી રહેલા પરિવાર પર અચાનક આ આફત આવી પડી હતી.

દાહોદ જિલ્લાના લીલાર ગામના હોળી ફળિયામાં રહેતા ૩૩ વર્ષીય કાળુભાઈ પીમલાભાઈ બીલવાળ પોતાના સંયુક્ત પરિવાર અને દાદા-દાદી સાથે તુફાન ગાડી લઈને સૌરાષ્ટ્રના દર્શનાર્થે નીકળ્યા હતા. પરિવારજનોએ ઊંચાકોટડા, બગદાણા અને રાજપરા ખોડિયાર માતાના મંદિરે દર્શન કર્યા બાદ ૧૧મી નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે પોતાના વતન દાહોદ જવા રવાના થયા હતા.

રાત્રિના આશરે સવા નવ વાગ્યાના સુમારે પરિવાર તારાપુર ચોકડી નજીક આવેલી ગોપાલ હોટલ ખાતે જમવા માટે રોકાયો હતો. હોટલની સામેની બાજુએ ફરિયાદીના ફોઈ શાંતાબેન રહેતા હોવાથી, જમ્યા બાદ આશરે પોણા દસ વાગ્યે ૫૦ વર્ષીય રામલીબેન લાલજીભાઈ બિલવાળ પોતાની દીકરી શાંતાબેનને મળવા રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે જ સમયે તારાપુર મોટી ચોકડી તરફથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી સફેદ કલરની મારુતિ સ્વીફ્ટ કાર (નં. GJ-06-PC-9345) ના ચાલકે રામલીબેનને જોરદાર ટક્કર મારી હતી.

આ કારની જોરદાર ટક્કરથી રામલીબેન ફંગોળાઈને રોડના ડિવાઈડર સાથે પટકાયા હતા અને તેમને કપાળ, માથા તેમજ બંને પગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ સ્થળ પર બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ બોલાવી તેમને તારાપુર સરકારી દવાખાને ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે કાળુભાઈ બીલવાળની ફરિયાદના આધારે તારાપુર પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

ખંભાતમાં પરંપરાગત લોકમેળો જામ્યો, રાત્રે માનવ મહેરામણ ઉભરાય છે

દેવ દિવાળી સુધી ચાલનારા મેળામાં રંગબેરંગી રાઈડ્સ, મિક્ષર રાઈડ અને જલપરી શો આકર્ષણનું કેન્દ્ર બન્યાં

(પ્રતિનિધિ) ખંભાત તા ૧૪

શહેરના ચકડોળ ગ્રાઉન્ડ ખાતે કારતક સુદ અગિયારસથી પરંપરાગત લોકમેળાનો પ્રારંભ થતાં જ મેળામાં ઉત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી દેવ દિવાળી સુધી ચાલનારા આ લોકમેળામાં છેલ્લા પાંચ દિવસથી મુલાકાતીઓની ભારે ભીડ ઉમટી રહી છે. ખંભાત શહેર ઉપરાંત આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ નાના-મોટા સૌ કોઈ પરિવારજનો સાથે મેળાની મુલાકાત લઈને મનોરંજન અને આનંદની લહાણી માણી રહ્યા છે.

લોકમેળામાં બાળકો, યુવાનો અને વડીલો માટે વિવિધ પ્રકારની રાઈડ્સ આકર્ષણનું કેન્દ્ર બની છે. ખાસ કરીને રાત્રિના સમયે રંગબેરંગી લાઈટોથી ઝગમગતી ઈન્દોરી, બ્રેક ડાન્સ, નાવડા



અને ટોરેટોરા જેવી રાઈડ્સમાં બેસવા માટે મુલાકાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે મેળામાં નવી આવેલી મિક્ષર રાઈડ યુવાનો માટે વિશેષ આકર્ષણ બની છે. જોશ અને રોમાંચથી ભરપૂર આ રાઈડનો આનંદ માણવા યુવાનોની ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત જલપરી શો પણ બાળકો સહિત તમામ વયજૂથના મુલાકાતીઓ માટે મનોરંજનનું ખાસ કેન્દ્ર બન્યો છે. મેળાના મેદાનમાં બાળકોને આકર્ષતાં વિવિધ રમકડાંના સ્ટોલ ઉપરાંત ખાણીપીણીની અનેક દુકાનો પણ ઊભી કરવામાં આવી છે. પરિવાર સાથે મેળાની મુલાકાતે આવતા લોકો રાઈડ્સની મજા માણવાની સાથે મનપસંદ વાનગીઓનો સ્વાદ પણ માણી રહ્યા છે. આમ, મેળાના કારણે ચકડોળ ગ્રાઉન્ડમાં ઉત્સવ જેવો માહોલ છવાયો છે.

દરમિયાન, મેળામાં મુલાકાતીઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. સાથે જ સુરક્ષાના ભાગરૂપે સીસીટીવી કેમેરા, ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી સેવાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંપરા અને મનોરંજનના સમન્વય સમાન ખંભાતનો આ લોકમેળો દેવ દિવાળી સુધી શહેરીજનો અને ગ્રામ્ય વિસ્તારના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225